# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-02-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. અમેરિકાથી પરત આવેલા રાજ્યના 33 નાગરિકોને અમદાવાદ વિમાની મથકેથી પોલીસની સુરક્ષા સાથે ઘરે પહોંચાડવામાં આવ્યા.
2. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આવતીકાલે પ્રયાગરાજ મહાકુંભમાં પવિત્ર સ્નાન માટે જશે.
3. રાજયપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં સરદાર પટેલ યુનિવર્સિટીનો ૬૭મો પદવીદાન સમારોહ યોજાયો.
4. ગીરમાં એશિયાટિક સિંહોને શિકાર માટે ઉપલબ્ધ પ્રાણીઓની સંખ્યામાં છેલ્લા પાંચ વર્ષમાં 37 ટકાનો વધારો થયો.
5. રાજ્યમાં અદ્યતન ટેક્નોલોજીથી 607 આંગણવાડી કેન્દ્રો અને નંદઘર બનાવવામાં આવશે

------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# USA Deportation

અમેરિકાથી પરત આવેલા રાજ્યના તમામ ૩૩ નાગરિકોને અમદાવાદ વિમાની મથકેથી પોલીસની સુરક્ષા સાથે ઘરે પહોંચાડવામાં આવ્યા છે.

૩૩ નાગરિકોના રહેણાકની વિગતોના આધારે, સંબંધિત જિલ્લાની પોલીસ દ્વારા એક નોડલ અધિકારીની નિમણુક કરી, તમામ નાગરિકોને સરકારી વાહન દ્વારા સુરક્ષિત રીતે તેમના ઘરે પહોંચાડવામાં આવ્યા

નાગરિકોની સુનિશ્ચિત સુરક્ષા અને યોગ્ય સંકલન માટે ડીવાયએસપી કક્ષાના અધિકારી અમૃતસર એરપોર્ટ પર તૈનાત કરવામાં આવ્યા હતા.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા અમેરિકાથી પરત મોકલવામાં આવેલા નાગરિકો અંગેની ઘટનાને ગંભીરતાથી લઈને ડિપોટ કરાયેલા રાજ્યના નાગરિકોની સુરક્ષા અને જરૂરી સંકલન માટે સિનિયર અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. જેના પગલે રાજ્યના તમામ ૩૩ નાગરિકોને અમદાવાદ એરપોર્ટથી પોલીસ મદદ આપી સુરક્ષિત રીતે ઘરે પહોંચાડવામાં આવ્યા હતા.

દરમિયાન, અમેરિકામાંથી ભારતીય નાગરિકોના દેશનિકાલ પર નિવેદન આપતાં ડૉક્ટર જયશંકરે રાજ્યસભામાં જણાવ્યું હતું કે, કાયદા અને નિયમોનું પાલન કરીને વિદેશમાં પ્રવાસ કરવો સામૂહિક હિતમાં છે. તેમણે જણાવ્યું કે, જો કોઈ દેશનાં લોકો બીજાં દેશોમાં ગેરકાયદેસર રીતે રહેતા જણાય તો તેમની સામે પગલાં લેવા એ દેશોની ફરજ છે અને તે આંતરરાષ્ટ્રીય કાયદાઓમાં સર્વસ્વીકૃત સિધ્ધાંત પણ છે.

. . . . . . . . . .

# CM - MAHAKUMBH SNAN

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પ્રયાગરાજમાં યોજાઇ રહેલા મહાકુંભમાં પવિત્ર સ્નાન માટે આવતીકાલે જશે.

શ્રી પટેલ આવતીકાલે બપોરે સાડા બાર વાગે ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કરશે. આ પૂર્વે તેઓ સાડા નવ વાગે પ્રયાગરાજમાં બડે હનુમાનજી મંદિરના દર્શન-પૂજન કરશે.

તેઓ રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા પ્રયાગરાજમાં ઉભા કરવામાં આવેલા ગુજરાત પેવેલિયનની મુલાકાત લેશે અને સાંજે ગાંધીનગર પરત ફરશે.

. . . . . . . . . . . . . .

# SARDAR PATEL UNI. PADVIDAN

સરદાર પટેલ યુનિવર્સિટીનો ૬૭મો પદવીદાન સમારોહ આજે રાજયપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પદવીદાન સમારોહમાં શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલ, અને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ વિવિધ વિદ્યાશાખાના ૧૬ હજાર ૨૧૮ વિદ્યાર્થીઓને પદવી તથા ૧૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક એનાયત કર્યા હતા.

આ પ્રસંગે રાજયપાલે પદવીધારકોને રાષ્ટ્રના જવાબદાર નાગરિક બની માતા-પિતા અને ગુરુજનો પ્રત્યે પોતાનું દાયિત્વ નિભાવી પોતાના જ્ઞાન અને સમજણનો ઉપયોગ સમાજના છેવાડાના માનવીના ઉત્થાન માટે કરવા અનુરોધ કર્યો હતો.

(બાઇટ-રાજ્યપાલ)

શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, દીક્ષાંત એ માત્ર શિક્ષાંત ન બની રહે તે માટે વિદ્યાર્થીઓએ અભ્યાસ દ્વારા તેમણે પ્રાપ્ત કરેલી માહિતીને જ્ઞાનમાં પરિવર્તિત કરવી પડશે.

. . . . . . . . . . . . . .

# PARIMAL NATHVANI- RS QUESTION

ગીરમાં એશિયાટિક સિંહોને શિકાર માટે ઉપલબ્ધ પ્રાણીઓની સંખ્યામાં છેલ્લા પાંચ વર્ષમાં 37 ટકાનો વધારો થયો છે. સિંહને શિકાર કરવા માટે ઉપલબ્ધ પ્રાણીઓની અંદાજિત સંખ્યા 2019માં 1 લાખ 55 હજાર 659 થી વધીને 2024માં 2 લાખ 13 હજાર 391 થઈ છે.

કેન્દ્રીય પર્યાવરણ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે આજે રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં આ મુજબ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે શાકાહારી પ્રાણીઓના વસ્તી વધારાના વલણો પર નજર રાખવા અને વિસ્તારમાં શિકાર માટે પ્રાણીઓ ઉપલબ્ધ બની રહે તે સુનિશ્ચિત કરવા માટે પધ્ધતિસરનું વસ્તી મૂલ્યાંકન કરવામાં આવે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે મંત્રીશ્રીના નિવેદન મુજબ સિંહોના માનવ વિસ્તારોમાં જવાની ઘટનાઓને ઘટાડવા અને માનવ-પ્રાણી વચ્ચેના ઘર્ષણને રોકવા માટે ઘણા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. તદુપરાંત સંરક્ષિત

વિસ્તારો અને સિંહોના અન્ય વસવાટ વિસ્તારોમાં તેમના વસવાટની સ્થિતિમાં સુધારણાના કામો હાથ ધરવામાં આવે છે.

. . . . . . . . . . . . .

## LGSF- NANDGHER – B.BABARIYA

મહિલા અને બાળ કલ્યાણમંત્રી ભાનુબેન બાબરિયાએ લાઇટ ગેજ સ્ટીલ ફ્રેમ જેવી અદ્યતન ટેક્નોલોજીના માધ્યમથી રાજ્યમાં 607 જેટલા આંગણવાડી કેન્દ્રો અને નંદઘર બનાવવાની જાહેરાત કરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ અદ્યતન ટેક્નોલોજીથી ભૂકંપ, ભેજ, આગ જેવી વિવિધ પરિસ્થિતિનો સામનો કરી શકે તેવા નંદઘરો માત્ર 60 દિવસમાં તૈયાર થશે.

રાજ્યના દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં આ ટેક્નોલોજીનો વપરાશ કરી વધુ ઝડપથી અને ગુણવત્તાયુક્ત આંગણવાડી કેન્દ્રનું નિર્માણ સરળતાથી થઇ શકશે. આંગણવાડીમાં તમામ માળખાકીય સુવિધા જેવી કે શૌચાલય, પીવાનું પાણી, મોડયુલર ફર્નિચર, વોટર પ્યુરીફાયર, એલ.ઇ.ડી. ટીવી, હેલ્થ ચેકીંગ બેડ, ટેબલ ખુરશી વગેરે અદ્યતન સંશાધનોનો સમાવેશ કરાયો છે. આ ટેક્નોલોજીથી આંગણવાડી બનવાથી ઝડપથી સ્ટીલ ફ્રેમ માળખુ બનાવી તેને ઝડપથી ઇન્સ્ટોલ કરી શકાય છે. જેમાં પરંપરાગત બાંધકામ પદ્ધતિ કરતાં વધુ ઝડપથી કામ પૂર્ણ થાય છે. આ પ્રકારની આંગણવાડીમાં 1 ટકા કરતાં પણ ઓછો વેસ્ટ થશે, અને તે પણ 100 ટકા રિસાયક્લેબલ બનશે.

આ આંગણવાડીઓનું GSPC ના CSR ભંડોળ હેઠળ બાંધકામ કરવા માટેની પહેલ હાથ ધરાઇ છે.

. . . . . . . . . . . . .

# ARVALLI - SPORTS MEET

આગામી ઓલિમ્પિકને ધ્યાનમાં રાખીને અરવલ્લી જિલ્લામાં સ્પોર્ટસ મીટનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પોર્ટસ મીટ માટે આગામી 15મી ફેબ્રુઆરી સુધી નોંધાવી શકાશે. જિલ્લાના લોકોને સ્પોર્ટસ મીટમાં જોડાવા જિલ્લા કલેક્ટર પ્રશિસ્ત પારિકે અપીલ કરી.

(બાઇટ- પ્રશિસ્ત પારિક, કલેક્ટર, અરવલ્લી)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# TAPI - Food poisoning

તાપી જિલ્લાના સોનગઢ પ્રાથમિક શાળાના બાળકો એ રત્નજ્યોત નામની વનસ્પતિ ના બી ખાતા 25 બાળકોની તબિયત લથડી.છે

અમારા તાપી જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે આ તમામ બાળકોને વ્યારા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં બાળકોએ રત્નજ્યોત નામના ફળ ખાઈ લેતા ફૂડ પોઈઝનિંગ થયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. ડોકટરોએ તુરંત બાળકોને સારવાર આપતા બાળકોની પરિસ્થિતિ સુધારા પર હોવાનું જિલ્લા સરપંચ જણાવી રહ્યા છે.

## (બાઈટ - જિલ્લા સરપંચ)

. . . . . . . . . . . . .

# EDUCATION BOARD-ACTION PLAN

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી ધોરણ 10 અને 12ની મુખ્ય પરીક્ષા 27મી ફેબ્રુઆરીથી શરૂ થશે. આ પરીક્ષાના સંચાલન માટે ઝોન મુજબ પરીક્ષા કેન્દ્ર, કેન્દ્રવાર પરીક્ષાર્થીઓ, બ્લોક બિલ્ડીંગની સંખ્યા, વિષયવાર નોંધાયેલા પરીક્ષાર્થીઓ વગેરેની માહિતી અને જિલ્લા કક્ષાની કામગીરીની વિગતો ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેના માટે બોર્ડ દ્વારા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જે બોર્ડની વેબસાઇટ www.gseb.org પર પ્રસિદ્ધ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . .

## SURAT ACCIDENT

સુરતના ન્યૂ કતારગામ વિસ્તારમાં ગઇકાલે બે વર્ષનું બાળક 3 ફૂટની ખુલ્લી ગટરમાં પડી ગયું હતું. ઘટનાને પગલે પરિવારજનો અને સ્થાનિકો દ્વારા બાળકની શોધખોળ હાથ ધરવામાં આવી હતી, પરંતુ બાળક ના મળતાં NDRFની ટીમ અને ફાયર વિભાગની ટીમને જાણ કરતાં તેમની ટીમ દ્વારા 24 કલાક સુધી ભારે શોધખોળ કરાઇ હતી. કેમેરાની મદદથી ડ્રેનેજ લઈનમાં શોધખોળ શરૂ કરાઈ હતી ત્યારે આજે વરીયાવ પંપિંગ સ્ટેશનમાંથી મૃત હાલતમાં બાળકને બહાર કાઢવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . .

## VALSAD- MISSION MILAP

વલસાડ જિલ્લા પોલીસની અનોખી પહેલ 'મિશન મિલાપ'ને રાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી છે. ઓગષ્ટ 2023માં શરૂ કરવામાં આવેલા આ અભિયાનને આગામી 15 ફેબ્રુઆરીએ દિલ્હી ખાતે પ્રતિષ્ઠિત SKOCH એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.

આ અભિયાન અંતર્ગત, માત્ર જાન્યુઆરી 2024માં જ 42 ગુમ થયેલા બાળકો અને વ્યક્તિઓને શોધી કાઢવામાં સફળતા મળી છે. વલસાડ જિલ્લાના

31 કેસ તેમજ અન્ય રાજ્યના 11 કેસનો સમાવેશ થાય છે. આ અભિયાનની સફળતાએ વલસાડ પોલીસને રાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવી છે.

. . . . . . . . . . . . . .

# Gujarat Giants WPL 2025

મહિલા ક્રિકેટ પ્રિમીયર લીગ (WPL) 2025 માટે ગુજરાત જાયન્ટ્સ ટીમે આજે અમદાવાદમાં જર્સીનું અનાવરણ કર્યું હતું. WPLની આ ત્રીજી સીઝનમાં ગુજરાત જાયન્ટ્સ 14 ફેબ્રુઆરીએ વડોદરાના બીસીએ સ્ટેડિયમ ખાતે તેની પ્રથમ મેચ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે રમશે. સ્પર્ધાની મેચો બેંગલુરુ, લખનઉ અને મુંબઇ ખાતે પણ યોજાશે.

આ પ્રસંગે હેડ કોચ માઇકલ ક્લિન્ગર, ખેલાડીઓ હરલીન દેઓવલ, શબનમ શકીલ અને ગુજરાત જાયન્ટ્સની માલિક અદાણી સ્પોર્ટ્સ લાઇનના ચીફ બિઝનેસ ઓફિસર સંજય આડેસરા ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . . .

# DANG-ASHA SAMELAN

આહવાના ડાંગ સ્વરાજ આશ્રમ ખાતે જિલ્લા પંચાતના પ્રમુખ નિર્મળા ગાઈનની ઉપસ્થિતિમાં આશા  સંમેલન ૨૦૨૪-૨૫ યોજાયું હતું. સાથે જ ડાંગ જિલ્લા આરોગ્ય શાખા દ્વારા પંચાયતી રાજ સંસ્થાના પ્રતિનિધિઓ માટે યોજનાકીય જાણકારી અંગેનો વર્કશોપ પણ યાજવામાં આવ્યો હતો. જેમાં માતા

અને બાળ મરણ રોકવા તેમજ તંદુરસ્ત સમાજના નિર્માણ માટે નાની ઉમરે લગ્ન કરતાં અટકાવવા તથા ગ્રામજનોને જાગૃત કરવા માટે આ સમેલનનો ઉદેશ્ય હતો.

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંગે માહીતી આપી તમામ આરોગ્યની યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોચાડવા જન પ્રતિનિધિઓને અપીલ કરી હતી.

. . . . . . . . . . . . .

## NAVSARI – KHODIYAR JAYANTI

નવસારીના ચીખલી તાલુકાનાં દેગામ ગામે પ્રાચીનકાળથી બિરાજમાન આઈ શ્રી ખોડિયાર માતાજી મંદિરે માઈ જયંતિ મહોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. માતાના દર્શન, પૂજા, મહાપ્રસાદ અને યજ્ઞનો સેંકડો માઇભક્તોએ લાભ લીધો હતો. મહાઆરતી ઉપરાંત કેક કાપી જન્મ દિવસની ઉજવણી બાદ કલાકાર ભૌતિક પટેલ ટીમનો લોકડાયરો યોજાયો હતો.

. . . . . . . . . . . . .

## Bhavnagar Millet Festival

ભાવનગર જવાહર મેદાન ખાતે તા.૮ અને ૯ મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ "મિલેટ મહોત્સવ-૨૦૨૫"નું આયોજન કર્યું છે.

જેમાં મિલેટ્સની વિવિધ લાઇવ વાનગીઓના ફુડ કોર્ટ, પ્રદર્શન સ્ટોલ તેમજ નિષ્ણાંતો દ્વારા મિલેટ્સનું આહારમા મહત્વ અંગેના માર્ગદર્શન સેમિનારની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ ત્રિવિધ કાર્યક્રમમા સ્વાદ અને સ્વાસ્થ્યનાં અનોખા સંગમની લોકોને લિજ્જત માણવા મળશે. આ ઉપરાંત પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનું પ્રદર્શન અને વેચાણ પણ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . .